GJGS070001212016

| **તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં**<br>**રજુ તાઃ**–૦૬/૦૨/૨૦૧૬<br>**દાખલ તાઃ**–૦૬/૦૨/૨૦૧૬<br>**ફોજદારી કેસ નં.**–૭૮/૨૦૧૬<br>**ગુ.ર.નં.** – ૦૨/૨૦૧૬<br>**ફેસલ તાઃ**–૦૯/૦૩/૨૦૨૬<br>**આંકઃ**– | |
|---|---|
| **ફરિયાદી** | **ઇન્જામીન મદુભાઇ ચોટીયારા** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઃ**– | **ઇરફાન ઉર્ફે વાસુ ઓસમાણ ઉર્ફે ઓસુભાઇ મકવાણા,**<br>ઉ.વ.આ.૨૫, ધંધો–મજુરી,<br>રહે.તાલાલા, જી.ગીર સોમનાથ. |
| આરોપી તરફે | વિ.વ. શ્રી આર.એફ.ચૌહાણ. |

## –// <u>ફોર્મ–બી</u> //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૦૧/૦૧/૨૦૧૬ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૦૪/૦૧/૨૦૧૬ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૦૬/૦૨/૨૦૧૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૪/૦૩/૨૦૧૭ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૦૧/૦૩/૨૦૨૪ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૦૯/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૦૯/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// <u>આરોપીની વિગત</u> //–

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન ઉપર મુકત થયા તારીખ** | **ગુનાની કલમ** | **છુટી ગયો કે સજા થઇ** | **ફરમાવેલ સજા** | **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ઇરફાન ઉર્ફે વાસુ ઓસમાણ ઉર્ફે ઓસુભાઇ મકવાણા** | ૧૧.૦૧.૨૦૧૬ | ૧૯.૦૧.૨૦૧૬ | ઇ.પી.કો.કલમ–૩૨૬, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ ઠરાવેલ છે. | – | – |

## –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૨૭ | ઇન્જામીન મગબુલભાઇ ચોટીયારાની જુબાની. | ફરીયાદી |
| (૨) | ૩૧ | મેરુનબેન સીકંદરભાઇ માકડની જુબાની. | સાહેદ |
| (૩) | ૩૨ | શહેજાદ ઉર્ફે સીરાજ યાકુબભાઇ મજગુલની જુબાની. | સાહેદ |
| (૪) | ૩૩ | અબુભાઇ આમદભાઇ બાસઠીયાની જુબાની. | સાહેદ |
| (૫) | ૩૪ | રફીકભાઇ સીદીકભાઇ ભાગાણીની જુબાની. | સાહેદ |
| (૬) | ૪૯ | ડો.પારૂલબેન ગોવિંદભાઇ વાળાની જુબાની. | તબીબી સાહેદ |
| (૭) | ૫૨ | બેબીબેન આશીશભાઇ લાખાણીની જુબાની. | સાહેદ |
| (૮) | ૫૫ | વીશાલભાઇ વશરામભાઇ વાગડીયાની જુબાની. | ત.ક.અ. |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૨૮ | ફરીયાદ. |
| (૨) | ૨૯ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. |
| (૩) | ૫૦ | મેડીકલ સર્ટીફીકેટ. |
| (૪) | ૫૬ થી ૫૯ | મેડીકલ સર્ટીફીકેટ. |
| (૫) | ૬૦ | જાહેરનામુ. |
| (૬) | ૬૧ | અટક પંચનામુ. |

## – :: ઠ રા વ ::–

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧/૧/૨૦૧૬ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના અરસામાં તાલાલા ટાઉનમાં સીદીવાડા વિસ્તારમાં સાહેદ નં.૯ અબુભાઇની પાનબીડીની દુકાને ફરીયાદી માવો લેવા માટે જતા આ કામના ફરીયાદીને તથા આરોપીને આગલા દિવસે પંખો બંધ કરવા બાબતે ઝઘડો થયેલ જે મનદુ:ખના કારણે આરોપીએ આ દુકાને આવી ફરીયાદી સાથે ગાળો બોલી પોતાના નેફામાંથી છરી કાઢી ફરીયાદીને માથામાં મારી ગંભીર ઇજા કરી જીલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરતા, તે અંગેની

આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂઘ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક–૦૫ થી આરોપીની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ, અમોને ખોટી રીતે ફીટ કરી દેવામાં આવેલ છે, ખોટી ફરીયાદ છે, અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે તેમના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧/૧/૨૦૧૬ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના અરસામાં તાલાલા ટાઉનમાં સીદીવાડા વિસ્તારમાં સાહેદ નં.૯ અબુભાઈની પાનબીડીની દુકાને ફરીયાદી માવો લેવા માટે જતા આ કામના ફરીયાદીને તથા આરોપીને આગલા દિવસે પંખો બંધ કરવા બાબતે ઝઘડો થયેલ જે

મનદુ:ખના કારણે આરોપીએ આ દુકાને આવી ફરીયાદી સાથે ગાળો બોલી પોતાના નેફામાંથી છરી કાઢી ફરીયાદીને માથામાં મારી ગંભીર ઈજા કરી જીલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આઇ.પી.સી.કલમ–૩૨૬, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

**(૮)** આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૨૭ થી ફરીયાદી ઈન્જામીન મગબુલભાઈ ચોટીયારાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આઠેક વર્ષ પહેલા બનેલો ત્યારે તેઓ તાલાલા રહેતો હતો. રાતના તેઓ અબુભાઈની દુકાને કાળવા ચોકમાં માવા લેવા ગયેલો ત્યારે તેઓની માસી સકીનાબેનનો દીકરો ઈરફાન ઉર્ફે વાસુ મકવાણા તેઓને ત્યાં મળેલ અને તેઓની સાથે આગલા દિવસના તેઓના ઝઘડાને લઈને બોલાચાલી કરવા લાગેલો. આ વખતે ત્યાં રાડારાડી થતા ત્યાં આજુબાજુ માણસો ભેગા થઈ ગયેલા અને ધકકા મુકકીમાં ઘણા બધા માણસો ભેગા થયેલા હોય પડી જતા તેઓને માથામાં ઈજા થયેલી જેની દવાખાને સારવાર કરાવેલી અને આરોપી વિરૂધ્ધ રોષના કારણે ફરીયાદ આપેલી, જે ફરીયાદ આ કામે આંક–૨૮ થી રજુ છે. એવુ બનેલ નથી કે, આરોપીએ તેઓને કોઈ હથિયાર વડે ગંભીર ઈજા કરેલ હોય કે ગાળો આપેલ હોય. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્રારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાની પોલીસ રૂબરૂની ફરીયાદની હકીકતને લેશમાત્ર

સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપી તેઓના માસીયાઇ ભાઇ થાય છે તેમજ તેઓને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે તેમજ તેઓને જે ઇજા થયેલ તે પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, તેઓને કોઇએ ગાળો આપેલ કે કોઇ હથિયાર વડે માર મારેલ હોય તેમજ તેઓએ દવાખાને બનાવ બાબતે ડોકટરને કંઇ જણાવેલ નહી તેમજ પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને ફરીયાદ લખી તેમાં સહી કરાવેલ તે તેઓએ વાંચેલ નહી.

(૯) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૧ થી સાહેદ મેરુનબેન સીકંદરભાઇ માકડને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આઠેક વર્ષ પહેલા બનેલો ત્યારે તેઓ તેમની બા ની ખબર કાઢવા ગયેલ ત્યારે તેઓની બેનનો દીકરો ઇરફાન ઉર્ફે વાસુ મકવાણા અને ઇન્જામીન વચ્ચે બોલાચાલી થયેલી અને તેમને છુટા પાડેલા તે સીવાય બીજુ કાંઇ બનેલ નહી. આ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી. એવુ બનેલ નથી કે, ઇરફાને કોઇ હથિયાર વડે ઇન્જામીનને ગંભીર ઇજા કરેલ હોય કે ગાળો આપેલ હોય. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપી તેઓની બેનનો દીકરો થાય છે તેમજ તેઓને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે તેમજ ઇન્જામીનને જે ઇજા થયેલ તે તેને પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, ઇન્જામીનને કોઇએ ગાળો આપેલ હોય કે કોઇ હથિયાર વડે માર મારેલ હોય તેમજ પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને નીવેદન લખી લીધેલ બીજુ કાંઇ પુછેલ નહી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ શહેજાદ ઉર્ફે સીરાજ યાકુબભાઇ મજગુલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આઠેક વર્ષ પહેલા બનેલો ત્યારે સીદીવાડામાં

અબુભાઈની દુકાન પાસે ઘણા બધા માણસો ભેગા થયેલા ત્યાંથી તેઓ ત્યાં ગયેલો. જેથી ત્યાં તેઓના દુરના માસીનો દીકરો ઈરફાન અને ઈન્જામીન પંખો બંધ કરવા બાબતે બોલાચાલી કરતા તેમને છુટા પાડેલા તે સીવાય બીજુ કાંઇ બનેલ નહી. આ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી. એવુ બનેલ નથી કે, ઈરફાને કોઈ હથિયાર વડે ઈન્જામીનને ગંભીર ઈજા કરેલ હોય કે ગાળો આપેલ હોય. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપી તેઓની માસીનો દીકરો થાય છે તેમજ તેઓને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તેમજ ઈન્જામીનને જે ઈજા થયેલ તે તેને પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, ઈન્જામીનને કોઇએ ગાળો આપેલ હોય કે કોઈ હથિયાર વડે માર મારેલ હોય તેમજ પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને નીવેદન લખી લીધેલ બીજુ કાંઇ પુછેલ નહી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે આંક-૩૩ થી સાહેદ અબુભાઇ આમદભાઈ બાસઠીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આઠેક વર્ષ પહેલા તેઓ તેમની દુકાને બેસેલ હતો ત્યારે ઈન્જામીન તેઓની દુકાને માવો ખાવા માટે આવેલ ત્યાં થોડીવાર પછી ઈરફાન પણ આવેલો અને તે બંને વચ્ચે પંખો બંધ કરવા બાબતે બોલાચાલી કરતા હતા તેમને છુટા પાડેલા તે સીવાય બીજુ કાંઇ બનેલ નહી. આ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી. એવુ બનેલ નથી કે, ઈરફાને કોઈ હથિયાર વડે ઈન્જામીનને ગંભીર ઈજા કરેલ હોય કે ગાળો આપેલ હોય. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને નીવેદન લખી

લીધેલ બીજુ કાંઇ પુછેલ નહી તેમજ ઇન્જામીનને જે ઇજા થયેલ તે તેને પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, ઇન્જામીનને કોઇએ ગાળો આપેલ હોય કે કોઇ હથિયાર વડે માર મારેલ હોય.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ રફીકભાઇ સીદીકભાઇ ભાગાણીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આઠેક વર્ષ પહેલા તેઓ તેમની દુકાને બેસેલ હતો ત્યારે તેઓની બાજુમાં આવેલ અબુભાઇની દુકાને ઇન્જામીન માવો ખાવા માટે આવેલ ત્યાં થોડીવાર પછી ઇરફાન પણ આવેલો અને તે બંને વચ્ચે પંખો બંધ કરવા બાબતે બોલાચાલી કરતા હતા તેમને છુટા પાડેલા તે સીવાય બીજુ કાંઇ બનેલ નહી. આ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી. એવુ બનેલ નથી કે, ઇરફાને કોઇ હથિયાર વડે ઇન્જામીનને ગંભીર ઇજા કરેલ હોય કે ગાળો આપેલ હોય. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને નીવેદન લખી લીધેલ બીજુ કાંઇ પુછેલ નહી તેમજ ઇન્જામીનને જે ઇજા થયેલ તે તેને પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, ઇન્જામીનને કોઇએ ગાળો આપેલ હોય કે કોઇ હથિયાર વડે માર મારેલ હોય.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૯ થી તબીબી સાહેદ ડો.પારૂલબેન ગોવિંદભાઇ વાળાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૧/૦૧/૨૦૧૬ ના રોજ તેઓ તાલાલા મેડીકલ ઓફીસર તરીકે તેઓની ફરજ પર હતા ત્યારે ઇંજામીન મધુભાઇ ચોટીયારા, ઉ.વ.૧૯ રાત્રીના ૧૧/૧૫ કલાકે તેમના સંબંધી સાથે સારવાર અર્થે તેઓની સમક્ષ આવેલા. તેમને મારામારીમાં ઇજા થયેલી હતી. બનાવ બાબતે પુછતા તેમના પીતરાઇ ભાઇ ઇરફાને છરી વડે ઇજા કરેલાનુ જણાવેલ. તેમને તપાસતા ડાબી બાજુના માથાના ભાગમાં હાડકા સુધી ઉંડો કપાયેલો

છુંદાયેલો ઘા હતો અને તે છરી વડે થઇ શકે તેવી હતી અને દર્દીને એક લીટર કરતા વધારે બ્લીડીંગ થઇ ગયેલ હતુ. દર્દી સભાન અવસ્થામાં હતો અને ટાઇમ અને વ્યકિતથી સજાગ હતો અને તેને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં રીફર કરેલ. તેને સારવાર આપેલાનુ સર્ટીફીકેટ તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી નીચે તેઓની સહી કરી આપેલ, જે મેડીકલ સર્ટીફીકેટ આ કામે આંક-૫૦ થી રજુ છે.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ધકકામુકકીમાં પડી જવાથી આવી ઇજા સંભવી શકે.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે આંક-૫ર થી સાહેદ બેબીબેન આશીશભાઇ લાખાણીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ દસેક વર્ષ પહેલા બનેલો ત્યારે તેઓ તાલાલા રહેતો હતો. ત્યારે રાતના તેઓનો દીકરો ઇન્જામીન અબુભાઇની દુકાને કાળવા ચોકમાં માવા લેવા ગયેલો ત્યારે તેઓની બેન સકીનાબેનનો દીકરો ઇરફાન ઉર્ફે વાસુ મકવાણા તેને ત્યાં મળેલ અને તેની સાથે આગલા દિવસના ઝઘડાને લઇને બોલાચાલી કરવા લાગેલો. આ વખતે ત્યાં રાડારાડી થતા ત્યાં આજુબાજુ માણસો ભેગા થઇ ગયેલા અને ધકકા મુકકીમાં ઘણા બધા માણસો ભેગા થયેલા હોય પડી જતા તેઓના દીકરાને માથામાં ઇજા થયેલી જેની દવાખાને સારવાર કરાવેલી અને આરોપી વિરૂધ્ધ રોષના કારણે તેઓના દીકરાએ ફરીયાદ આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલો. એવુ બનેલ નથી કે, આરોપીએ તેઓના દીકરાને કોઇ હથિયાર વડે ગંભીર ઇજા કરેલ હોય કે ગાળો આપેલ હોય. આ કામના સાહેદ નં.૮ આશીશભાઇ લાખાણી તેઓના પતિ થતા હોય જેઓ હાલ પથારીવશ છે, કોર્ટમાં આવીને જુબાની આપી શકે તેવી સ્થિતિમાં નથી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપી તેઓના ભત્રીજા થાય છે તેમજ તેઓને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે તેમજ તેઓના દીકરાને

જે ઈજા થયેલ તે તેને પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, તેઓના દીકરાને કોઈએ ગાળો આપેલ હોય કે કોઈ હથિયાર વડે માર મારેલ હોય તેમજ પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને નીવેદન લખી લીધેલુ તેમાં શું લખેલુ તેની તેઓને ખબર નથી તે તેઓએ વાંચેલ નહી.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક-૫૫ થી તપાસ કરનાર અમલદાર વીશાલભાઈ વશરામભાઈ વાગડીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૧/૨૦૧૬ ના રોજ તેઓ તાલાલા પી.એસ.આઈ. તરીકે તેઓની ફરજ પર હાજર હોય ત્યારે ફરીયાદી ઈન્જામીન મધુભાઈ ચોટીયારાની ફરીયાદ તેમના લખાવ્યા મુજબની તેઓના રૂબરૂની લખી લઈ પી.એસ.ઓ. તરફ રવાના કરેલ અને પી.એસ.ઓ. શ્રી બી.એમ.ગોસાઈએ ગુન્હો રજી. કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ સાધનીક કાગળો સાથે તપાસ સંભાળેલી. બનાવની હકીકત એવી હતી કે, આ કામના આરોપી ઈરફાને ફરીયાદીને પંખો બંધ કરવા બાબતમાં ઝઘડાનુ મનદુ:ખ રાખી છરી માથાના ભાગે મારી દેતા ગંભીર ઈજા થયેલી. જે અન્વયે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ, આરોપીને અટક કરેલા અંગેનુ પંચનામુ કરેલુ અને આરોપી પાસેથી મુદામાલ રીકવર કરેલ. ફરીયાદીનુ વિશેષ નીવેદન લીધેલ અને સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. ઈજા પામનારના તાલાલા, જુનાગઢ અને રાજકોટથી સારવાર અંગેના સર્ટીફીકેટ તપાસના કામે મેળવેલા અને બનાવ સમયે હથિયારબંધીનુ જાહેરનામુ અમલમાં હોય જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. બાદ આ કામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ રાખેલ. ત.ક.અમલદારે પોતાના પુરાવામાં આંક-૫૬ થી ૫૯ સુધી મેડીકલ સર્ટીફીકેટ, આંક-૬૦ થી જાહેરનામુ તથા આંક-૬૧ થી અટક પંચનામુ રજુ રાખેલ છે.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરીયાદી તથા આરોપી મામા ફઈના ભાઈઓ થતા હતા અને તેમને પંખો બંધ કરવા બાબતે સામાન્ય બાબતે ઝઘડો થયેલો તેમજ તે એક જ મકાનમાં રહેતા હતા તેમજ બનાવવાળો વિસ્તાર રહેણાંકીય

વિસ્તાર હતો અને ત્યાં ઘણા બધા માણસો રહેલા અને અવર જવર હતી.

**(૧૬)** આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના **ફરીયાદી ઈન્જામીન મગબુલભાઈ ચોટીયારા (આંક–૨૭)** નાઓ ફરીયાદપક્ષના કેસ મુજબ હાલના બનાવના ઈજા પામનાર સાહેદ છે. સદર સાહેદે પોતાના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, આ કામના આરોપી તેઓના માસીયાઈ ભાઈ થાય છે તેમજ તેઓને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તેમજ તેઓને જે ઈજા થયેલ તે પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, તેઓને કોઈએ ગાળો આપેલ કે કોઈ હથિયાર વડે માર મારેલ હોય તેમજ તેઓએ દવાખાને બનાવ બાબતે ડોકટરને કંઈ જણાવેલ નહી તેમજ પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને ફરીયાદ લખી તેમાં સહી કરાવેલ તે તેઓએ વાંચેલ નહી.** વધુમાં આ સંદર્ભે **સાહેદ મેરુનબેન સીકંદરભાઈ માકડ (આંક–૩૧), સાહેદ શહેજાદ ઉર્ફે સીરાજ યાકુબભાઈ મજગુલ (આંક–૩૨), સાહેદ અબુભાઈ આમદભાઈ બાસઠીયા (આંક–૩૩) તથા સાહેદ રફીકભાઈ સીદીકભાઈ ભાગાણી (આંક–૩૪)** નાઓ ફરીયાદપક્ષના કેસ મુજબ હાલના બનાવના નજરે જોનાર સાહેદો છે. સદર સાહેદોએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને નીવેદન લખી લીધેલ બીજુ કાંઈ પુછેલ નહી તેમજ ઈન્જામીનને જે ઈજા થયેલ તે તેને પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, ઈન્જામીનને કોઈએ ગાળો આપેલ હોય કે કોઈ હથિયાર વડે માર મારેલ હોય.** વધુમાં આ સંદર્ભે **સાહેદ બેબીબેન આશીશભાઈ લાખાણી (આંક–પર)** નાઓ હાલના બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદને બનાવ અંગેની હકીકત હાલના ફરીયાદી ઢ્વારા જણાવવામાં આવેલ છે. સદર સાહેદે પોતાના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે

કે, **આ કામના આરોપી તેઓના ભત્રીજા થાય છે તેમજ તેઓને રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે તેમજ તેઓના દીકરાને જે ઇજા થયેલ તે તેને પડી જવાથી થયેલ, એવુ બનેલ નથી કે, તેઓના દીકરાને કોઇએ ગાળો આપેલ હોય કે કોઇ હથિયાર વડે માર મારેલ હોય તેમજ પોલીસે તેઓનુ નામ ઠામ પુછેલ અને નીવેદન લખી લીધેલુ તેમાં શું લખેલુ તેની તેઓને ખબર નથી તે તેઓએ વાંચેલ નહી.** વધુમાં આ સંદર્ભે **તબીબી સાહેદ ડો.પારૂલબેન ગોવિંદભાઇ વાળા (આંક–૪૯)** નાઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, **બનાવ બાબતે પુછતા તેમના પીતરાઇ ભાઇ ઇરફાને છરી વડે ઇજા કરેલાનુ જણાવેલ.** વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે, **તેમને તપાસતા ડાબી બાજુના માથાના ભાગમાં હાડકા સુધી ઉંડો કપાયેલો છુંદાયેલો ઘા હતો અને તે છરી વડે થઇ શકે તેવી હતી અને દર્દીને એક લીટર કરતા વધારે બ્લીડીંગ થઇ ગયેલ હતુ.** સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **ધકકામુકકીમાં પડી જવાથી આવી ઇજા સંભવી શકે.** સદર તબીબી સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓ સમક્ષ આ કામના ફરીયાદીએ હીસ્ટ્રીમાં આ કામના આરોપીએ છરી વડે ઇજા કરેલાની હકીકત જણાવેલ છે. પરંતુ આ સંદર્ભે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ પોતાના પુરાવામાં તેઓએ દવાખાને બનાવ બાબતે ડોકટરને કંઇ જણાવેલ ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં હાલના ફરીયાદી દ્વારા પોતાના પુરાવામાં ધકકા મુકકીમાં ઘણા બધા માણસો ભેગા થયેલા હોય પડી જતા તેઓને માથામાં ઇજા થયેલાની હકીકત જણાવેલ છે. આ સંદર્ભે તબીબી સાહેદે પોતાના પુરાવામાં એવો અભિપ્રાય વ્યકત કરેલ છે કે ધકકામુકકીમાં પડી જવાથી આવી ઇજા સંભવી શકે છે. વધુમાં આ સંદર્ભે હાલના બનાવના મહત્વના તેવા ઇજા પામનાર ફરીયાદી તથા બનાવના નજરે જોનાર સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપી દ્વારા ફરીયાદીને ઇજા પહોંચાડવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. જેથી સદર તબીબી સાહેદના પુરાવા પરથી આ કામના ફરીયાદીને હાલના આરોપી દ્વારા ઇજા પહોંચાડવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર ફલીત થતી નથી. વધુમાં આ સંદર્ભે **તપાસ કરનાર અમલદાર વીશાલભાઇ વશરામભાઇ**

**વાગડીયા (આંક-૫૫)** નાઓએ પોતાની સરતપાસમાં તેઓની ફરજ દરમ્યાનની રૂટીન કાર્યવાહી મુજબ હાલના આક્ષેપીત બનાવની તપાસ કર્યા સંદર્ભેનો પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ત.ક.અમલદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આ કામના ફરીયાદી તથા આરોપી મામા ફઇના ભાઇઓ થતા હતા અને તેમને પંખો બંધ કરવા બાબતે સામાન્ય બાબતે ઝઘડો થયેલો તેમજ તે એક જ મકાનમાં રહેતા હતા તેમજ બનાવવાળો વિસ્તાર રહેણાંકીય વિસ્તાર હતો અને ત્યાં ઘણા બધા માણસો રહેલા અને અવર જવર હતી.** આમ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા હાલના ત.ક.અમલદાર દ્વારા કરવામાં આવેલ તપાસને તેનાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં બચાવપક્ષ દ્વારા બનાવવાળી જગ્યાનુ પંચનામુ આંક-૨૯ થી તેમજ અટક તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ આંક-૬૧ થી એડમીટ કરવામાં આવેલ છે. તે પંચનામામાં માત્ર ગુન્હાવાળી જગ્યા તથા આરોપીને અટક કર્યા અંગેની હકીકત તેમજ મુદામાલ કબજે કર્યા અંગેની હકીકત દર્શાવવામાં આવેલ હોવાનુ ફલિત થાય છે, પરંતુ આરોપીએ ફરીયાદી સાથે ગાળો બોલી પોતાના નેફામાંથી છરી કાઢી ફરીયાદીને માથામાં મારી ગંભીર ઈજા કરેલાની હકીકત જણાય આવતી નથી. વધુમાં બચાવપક્ષ દ્વારા આંક-૫૬ થી ૫૯ સુધી રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ એડમીટ કરવામાં આવેલ છે. જે મેડીકલ સર્ટીફીકેટ જોવામાં આવે તો તે મેડીકલ સર્ટી ફરીયાદીને સારવાર આપવામાં આવેલ તે મતલબના છે. પરંતુ સદર કામના ફરીયાદી તથા સાહેદોના પુરાવા પરથી આ કામના આરોપીઓએ ફરીયાદીને માર મારી કોઇ ઈજા પહોંચાડેલ હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. વધુમાં બચાવપક્ષ દ્વારા આંક-૬૦ થી રજુ થયેલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાની નકલ એડમીટ કરવામાં આવેલ છે, પરંતુ જયારે આક્ષેપવાળો બનાવ બનેલ હોવાનુ જ સાબિત થતુ ન હોય ત્યારે હથિયારબંધીનાં જાહેરનામાનો આરોપીએ ભંગ કરેલ હોય તેવુ સાબિત થતુ નથી.

આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન મળતુ નથી અને ફરીયાદી તથા સાહેદોની જુબાની જોતા આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના

હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી. આમ, ઉપરોક્ત હકીકત જોઇએ તો જ્યાં સુધી રેકર્ડ ઉપર પુરતો પુરાવો આવે નહિ ત્યાં સુધી આ કામે આરોપીને તક્ષીરવાન ઠરાવાય નહિ. આ કામે નામદાર સુપિમ કોર્ટનું આ જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. તે જોતા, In the case of Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court has laid down the tests which are prerequisites before conviction should be recorded, which are as under:

i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;

ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

iii. The circumstances should be of conclusive nature and tendency;

iv. They should exclude every possible hypothesis except the one to be proved; and

v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટનું રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સદર ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય. આમ, ફરિયાદપક્ષે આરોપી સામે રજુ કરેલ પુરાવાઓને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેવી હકીકતમાં ઉપરોક્ત કરેલ ચર્ચા રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, બંન્ને પક્ષે રજુઆત,

કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ ઉપરોક્ત મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે ઉપરોક્ત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ માની નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના **આરોપી** ઈરફાન ઉર્ફે વાસુ ઓસમાણ ઉર્ફે ઓસુભાઇ મકવાણા, રહે.તાલાલા, જી.ગીર સોમનાથ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૬, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડનીકલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી અન્ય ગુનાના કામે જેલમાં હોય, જેથી સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૦૯, માહે– માર્ચ, સને– ૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૦૯–૦૩–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.